# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/શિષ્યવૃત્તિ/૨૦૧૯/૩૯૨ — તા.03/૧૦/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો તમામ
જિ.ભાવનગર

વિષય : રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત.(સને ૨૦૧૯-૨૦)

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્રાંક : હ-૨/સ્કો/૨૦૧૯/૧૯૩૧-૬૫) તા.30/૦૯/૨૦૧૯

ઉપરોક્ત વિષયે સંદર્ભદર્શીત પત્ર અન્વયે સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઇબીસી ફી માફી) માટે આપની કોલેજમાં વર્ષ ૨૦૧૯-૨૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઉક્ત સ્કોલરશીપના અંદાજો મંગાવવામાં આવે છે. **સ્કોલરશીપના માપદંડો(જોગવાઇઓ) તેમજ અંદાજ માટેનું નિયત પત્રક-અ આ સાથે સામેલ રાખેલ છે. કોલેજના આચાર્યશ્રીએ માહિતી નિયત પત્રકમાં જ તા.૧૧/૧૦/૨૦૧૯(શુક્રવાર) સાંજે ૫:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં મોકલવાની રહેશે. સમયમર્યાદા બાદ મળેલ માહિતી ધ્યાને લેવામાં આવશે નહી.**

બિડાણ- સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

Scanned by CamScanner

<u>સમય મર્યાદા</u>
તા.૧૫/૧૦/૨૦૧૯

ક્રમાંક:ઇ-૨/સ્કો/૨૦૧૯/૨૬૩૬-૬૫
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૨ બીજો માળ
ગુ.રા. ગાંધીનગર
તા.૩૦/૦૯/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી શ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા– તમામ

વિષય:– રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ પૈકી <u>આર્થિક રીતે પછાત વર્ગનાવિધાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી)</u> ના ગ્રાન્ટના અંદાજો મોકલી આપવા બાબત
<u>(સને.૨૦૧૯–૨૦)</u>

સંદર્ભ:– સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ તા.૧૪/૮/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપના જિલ્લાની <u>સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને.૨૦૧૯–૨૦માં અભ્યાસ કરતાં</u> આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને ચાલુ વર્ષમાં રાજ્ય સરકારની શિષ્યવૃત્તિઓ પૈકી <u>આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી)</u> શિષ્યવૃત્તિ ચૂકવવાની થાય છે. જે અન્વયે આપના જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે, તેના અંદાજો આપના જિલ્લાની ઉક્ત કોલેજોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને કે કોલેજના આચાર્યશ્રીઓ પાસેથી અંદાજો મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને <u>તા.૧૫/૧૦/૨૦૧૮ પહેલાં</u> મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી નિયત સમયમર્યાદામાં આ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઈ શકે.

<u>આ માહિતી એકત્રિત કરતી વખતે નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.</u>

(૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઉક્ત ઠરાવમાં જોગવાઈ કર્યા મુજબ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિધાર્થીઓને મળવાપાત્ર ફી માફીની રકમ ધ્યાને લેવાની છે.

(૨) ધો.૧૨ માં ૬૦ ટકા કરતાં વધુ ગુણ મેળવાનારને આખી શિક્ષણ ફી અને ૬૦ ટકા થી ઓછા ગુણ મેળવનાર (સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિધાર્થીઓને અડધી ફી ચૂકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે. જ્યારે બીજા અને ત્રીજા વર્ષમાં આખી ફી માફી મેળવવા માટે આગલા વર્ષે ૫૦ % કરતાં વધુ ગુણ જોઈશે અને ૫૦ % કરતાં ઓછા ગુણ મેળવેલ હશે તો આખી ફી માફી મળવાપાત્ર થશે નહી, અડધી ફી માફી મળવાપાત્ર થશે.

(૩) સ્નાતક કક્ષાએ ૬૫ ટકા કરતાં વધુ ગુણ મેળવાનારને આખી શિક્ષણ ફી અને ૬૫ ટકા થી ઓછા ગુણ મેળવનાર (અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં) વિધાર્થીઓને અડધી ફી ચૂકવવા માટે રકમ ધ્યાને લેવાની રહેશે.

(૪) વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/–ની છે.

(૫) ઉક્ત ઠરાવની જોગવાઈ મુજબ માત્ર કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકનો અભ્યાસ કરતાં વિધાર્થીઓનેજ મળવાપાત્ર છે. <u>શાળાના વિધાર્થીઓને ચૂકવવાપાત્ર નથી. જેથી તેઓની માહિતી મોકલવાની નથી.</u>

Scanned by CamScanner

(૬) રાજય સરકારશ્રીની કોઈપણ એક શિષ્યવૃત્તિ મળવાપાત્ર હોઈ જે વિદ્યાર્થીએ આર્થિક રીતે પછાત વર્ગના ધોરણે કોઈ નિયત દરે અન્ય શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ હશે કે અન્ય કોઈ યોજના હેઠળ શિક્ષણ ફી માફી મેળવેલ હશે તો પણ તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર ન હોઈ તેની માહિતી મોકલવાની નથી.

(૭) સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) કોલેજના વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

આપના જિલ્લાની કોલેજોનો કોઈ પાત્રતા ધરાવતો વિધાર્થી ઉક્ત શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તે મુજબની કાર્યવાહી કરવા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવશો અને કોલેજો આ કચેરીને સીધે સીધી માહિતી ના મોકલે તે પણ જણાવશો. તમામની માહિતી તમારી કચેરીમાં મંગાવીને એકત્રિત કરીને દર વર્ષની જેમ સંકલન કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં નિયત સમય મર્યાદામાં આ કચેરીને મોકલી આપશો.

માહિતી આ સાથેના ઈમેઈલ પર પણ મોકલી આપશો. " nsigseche@gmail.com "

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

બિડાણ : નિયત પત્રક

નકલ રવાના :-

- પ્રિન્સીપાલશ્રી, સરકારી અને માત્ર ગ્રાન્ટેડ બિન સરકારી કોલેજો, તમામ....

Scanned by CamScanner

jrd statement

પત્રક—અ

## આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) હેઠળ સને.૨૦૧૯—૨૦ ના વર્ષમાં થનાર ખર્ચના અંદાજોની વિગત દર્શાવતું પત્રક

જિલ્લાનું નામ :—

કચેરીનું નામ:—

| ક્રમ | કોલેજનું નામ | સરકારી કે ગ્રાન્ટ ઈન એઈડ | વર્ષ | આખી ફી માફી માટે આવેલ વિધાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચૂકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂા. | અડધી ફી માફી માટે આવેલ વિધાર્થીઓની અરજીઓની સંખ્યા | જે માટે ચૂકવવાની થતી કુલ વાર્ષિક રકમ રૂા. | એકંદરે ચૂકવવાની થતી રકમ રૂા. | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | એફ.વાય. | | | | | | |
| | | | એસ.વાય. | | | | | | |
| | | | ટી.વાય. | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજયુએટ—પ્રથમ વર્ષ | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજયુએટ—બીજું વર્ષ | | | | | | |
| કુલ સરવાળો | | | | | | | | | |

કચેરીના વડા સહી/સિકકો

નોંધ :— માહિતી <u>" નીલ "</u> હોય તો પણ પત્રથી જાણ કરવાની રહેશે અને <u>શાળાના</u> વિધાર્થીઓની માહિતી મોકલવાની નથી.

Scanned by CamScanner